# જાહેરનામું

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

**નંબર : વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૧૯૬/૨૦૧૯**

અમદાવાદ મહાનગર પાલિકાની પેટા ચુંટણી તા.૨૨/૧૦/૨૦૧૯ અન્વયે કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ની રાજયના ચુંટણીપંચ અમદાવાદ તા.૨૪.૦૯.૨૦૧૯ ની સુચના પત્ર દ્વારા આદેશો બહાર પાડવામાં આવેલ છે.આ ચુંટણી માટેના પ્રચાર અર્થે યોજવામાં આવતી વાહન **રેલીઓ/રોડશો** માં ૧૦ થી વધારે વાહનો સામેલ રાખવા પર પ્રતિબંધ ફરમાવવાનું મુકત અને ન્યાયી વાતાવરણમાં ચુંટણી થાય તે માટે જરૂરી જણાય છે.

હું એ.કે સિંઘ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ચુંટણી પંચના પ્રવર્તમાન આદેશ મુજબ નક્કી થયેલ આદર્શ આચાર સંહિતાનો ચુસ્ત પણે અમલ થાય તે ઉદ્દેશથી આ ચુંટણીમાં પ્રતિનિધિત્વ કરતાં તમામ ઉમેદવારો કે, ઉમેદવારના પક્ષ કે તેમના સમર્થન માટે અન્ય વ્યક્તિ, સંગઠન કે સંસ્થા દ્વારા ચુંટણી પ્રચાર માટે રાખવામાં આવતી **રેલી/રોડશો** માં ૧૦ થી વધુ વાહનો સામેલ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) વાહનોનો અર્થ પરીવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવા યંત્ર શકિતથી કે અન્ય રીતે ચાલતાં કોઈપણ પ્રકારના વાહનનો સમાવેશ થાય છે.

**(૩) આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળ આવતાં ૩૫- બહેરામપુરા વોર્ડ વિસ્તારને લાગું પડશે.**

(૪) આ હુક્મનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

**આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.**

(૧) રાજકીય વ્યકિતઓ તેમજ મહાનુભાવો જેમને ઉગ્રવાદીઓ, ત્રાસવાદી પ્રવૃત્તિ કરતી સંસ્થાઓ દ્વારા જાનથી મારી નાંખવાની ધમકીઓ આપવામાં આવેલી હોય, તેના સંદર્ભમાં ઉચ્ચ દરજ્જાની સલામતી વ્યવસ્થાની જરૂરીયાત હોય તેવી તમામ વ્યક્તિ.

(૨) આ કાર્યક્રમનાં બંદોબસ્ત માટે સામેલ વાહનો તથા ચુંટણી ફરજ માટે જોડાયેલ સરકારી વાહનનો સમાવેશ થશે નહી.

**આ હુકમ તા.૩૦.૦૯.૨૦૧૯ કલાક ૧૭.૦૦ થી સમગ્ર ચુંટણી પ્રક્રિયા પુર્ણ ના થાય ત્યાં સુધી અમલમાં રહેશે.**

આજ તારીખ ૩૦ માહે સપ્ટેમ્બર સને ૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(એ.કે સિંઘ)
પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર.

**નકલ સવિનય રવાના:-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી ગુ.રા.ગાંધીનગર.

(૩) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર.

(૪) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.

(૫) કલેકટરશ્રી અમદવાદ/જીલ્લા ચુંટણી અધિકારી અમદાવાદ શહેર.